**મે.મજૂર અદાલત, અમદાવાદનાં પ્રિસાઈડીંગ ઓફિસર શ્રી એ.એમ.શેખ સાહેબ સમક્ષ**
**રેફરન્સ (LCA) નં.૨૧/૨૦૨૨**
**આંક-૯**

**પ્રથમ પક્ષકારઃ- (૧)ફ્લોરીશ ફુટ પ્રોડક્ટ્સ પ્રા.લી.,**
પ્લોટ નં.૨૦૪, ચાચરવાડી, વાસણા,
તા.સાણંદ, જી.અમદાવાદ.
**(૨)ફ્લોરીંગ રીટેલ પ્રા. લી., પહેલા માળે,**
ફ્લોરીસ હાઉસ (હેડ ક્વાર્ટસ) ફોકટર હાઉસની સામે,
પરિમલ અન્ડરબ્રીજ, પાલડી, અમદાવાદ.
**(૩) ફ્લોરીસ રીટેલ પ્રા.લી.(સ્ટોર્સ)**
સુરધારા સર્કલ પાસે, ઓલીઈટ, અમદાવાદ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકાર::- દત્ત જીજ્ઞેશકુમાર અરૂણભાઈ**
ઠે.૨/૨૪, રવિ એપાર્ટમેન્ટ, વરદાર ટાવરની બાજુમાં,
શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ.

હાજર રહ્યાઃ પ્રથમ પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી કે.એચ. પટેલ
બીજા પક્ષકાર તરફે : વિ.પ્રતિનિધિ શ્રી બી.સી. સિંહાલી.

**--:: એ વો ર્ડ ::--**

**(૧)** હાલનાં રેફરન્સનાં કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **'સામાવાળા'** અને **'અરજદાર'** તરીકે સંબોધવામાં આવેલ છે.

**(૨)** આ કામનાં અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુક્તશ્રી,અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુક્ત, અમદાવાદનાં હુકમ ક્રમાંક-કેએચ-એસએચએમસી /આર/આઈ.ડી.આર.નં.૮૭૫/૨૧ થી પત્ર ક્રમાંક-૪૧૯૬, તા.૦૨-૦૨-૨૦૨૨ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસૂચિ નીચે મુજબ છે.

શ્રી દત્ત જીજ્ઞેશકુમાર અરૂણભાઈ, ઠે.૨/૨૪, રવિ એપાર્ટમેન્ટ, વરદાર ટાવરની

બાજુમાં, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ ને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૩) ઉપરોક્ત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ. ત્યારબાદ આ કામે અરજદારે આંક–૬ થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. અરજદારનું માંગણા નિવેદન સામાવાળાને બજવણીનાં તબક્કે પેન્ડીંગ હોય ત્યારે આંક–૮ થી અરજદાર તેમનાં પ્રતિનિધિશ્રી અને સામાવાળા સંસ્થા તરફે હાજર રહેલ તેઓનાં એડવોકેટશ્રીની રૂબરૂમાં થયેલ સમાધાન રજુ થયેલ છે. તે સમાધાન નોંધવામાં આવેલ છે. આમ, હાલનાં કેસમાં આંક–૮ થી સમાધાન રજુ થયેલ હોઈ, તેથી હાલનો રેફરન્સ કેસ આંક–૮ નાં સમાધાન અનુસંધાને લોક–અદાલતમાં ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. સમાધાનને હુકમનો ભાગ ગણવો. ખર્ચ અંગે હુકમ નથી.

**તારીખઃ૨૬–૦૬–૨૦૨૨**
**સ્થળઃ અમદાવાદ.**

**( અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**પ્રિસાઈડીંગ ઓફીસર,**
**લેબર કોર્ટ, અમદાવાદ.**